RBZ®
JEWELLERS LTD.

13th August 2026

To,
Department of Corporate Services
**BSE Limited,**
P J Towers, Dalal Street,
Mumbai - 400 001

**Security Code: 544060**
**Security ID: RBZJEWEL**

To,
Listing Department
**National Stock Exchange of India Limited,**
Exchange Plaza, 5th Floor Plot No. C/1,
G. Block Bandra-Kurla Complex,
Bandra (E), Mumbai - 400 051

**Symbol: RBZJEWEL**

**Dear Sir/Madam**

**Sub: Submission under Regulation 47 of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 ("Listing Regulation")**

Pursuant to Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, please find enclosed herewith the copies of the newspaper advertisements published today i.e. on 13th August 2026, in "Jai Hind" (Gujarati) & "Business Standard" (English) newspaper in relation to instructions provided to shareholders for updating their email addresses in the records of the Registrar and Transfer Agent or with the Depository to receive the notice of upcoming annual general meeting of the company.

The same is also made available on the website of the Company at www.rbzjewellers.com

Kindly take on record the same and oblige us.

Thanking you,

**For, RBZ Jewellers Limited**

HELI AKASH GARALA
Digitally signed by HELI AKASH GARALA
Date: 2026.08.13 14:25:01 +05'30'

RBZ JEWELLERS LIMITED AHMEDABAD 29705740

**Heli Garala**
**Company Secretary & Compliance Officer**
**Mem No. ACS 49256**

### સ્થિતિ વણસતા પોલીસ કાફલો બોલાવવાની ફરજ પડી

# અશુધ્ધ ભોજન અને દૂષિત પાણી મુદ્દે ભાવનગરની સરકારી સમરસ ગર્લ્સ હોસ્ટેલમાં છાત્રાઓનો હોબાળો

ભાવનગર, તા.૧૨

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી નજીક આવેલી સરકારી સમરસ ગર્લ્સ હોસ્ટેલમાં રાત્રે અચાનક વાતાવરણ ઉત્તેજનાપૂર્ણ બની ગયું હતું. હોસ્ટેલમાં અપાતું હલકી ગુણવત્તાનું ભોજન, પીવાના પાણીની વિકટ સમસ્યા અને વિદ્યાર્થિનીઓની અસુરક્ષા જેવા ગંભીર મુદ્દાઓને લઈને આક્રોશે ભરાયેલી છાત્રાઓએ પટાંગણમાં એકઠા થઈને તંત્ર વિરુદ્ધ સૂત્રોચ્ચાર સાથે હંગામો મચાવ્યો હતો. સ્થિતિ વણસતાં આખરે પોલીસ કાફલો ઘટનાસ્થળે બોલાવવાની ફરજ પડી હતી.

મળતી વિગતો મુજબ, હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ લાંબા સમયથી પાયાની સુવિધાઓના અભાવ સામે ઝઝૂમી રહી છે. ભોજનમાં જીવજંતુઓ, કીડા અને પ્લાસ્ટિક નીકળતા હોવાના તેમજ પીવાના પાણીમાં લીલ આવતી હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે. ત્રીજા માળે રહેતી રાજેશ્વરીબા ગોહીલ નામની અગ્રણી વિદ્યાર્થિનીએ પોતાનો આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, પીવાનું પાણી ભરવા માટે ત્રીજા માળેથી આઠમા માળે સુધી ધક્કા ખાવા પડે છે અને ત્યાં લીલવાળું દૂષિત પાણી આવે છે. આ અશુદ્ધ પાણી પીવાના કારણે હોસ્ટેલની વિદ્યાર્થિનીને ટાઈફોઈડ થઈ જતાં તબીબી સારવાર લેવી પડી છે.

**હોસ્ટેલ પરિસર પાસે અજાણ્યા પુરુષોની શંકાસ્પદ અવર-જવર અને કઢંગી હાલતમાં ઉભા રહેવાની ઘટના છતાં સુરક્ષા કેમેરા બંધ**

વિદ્યાર્થિનીઓએ તંત્રની જોહુકમી સામે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. અગાઉ આ પડતર પ્રશ્નો અંગે ગાંધીનગર કક્ષાએ રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ સમસ્યાઓનો ઉકેલ લાવવાને બદલે સ્થાનિક સત્તાધીશો દ્વારા વિદ્યાર્થિનીઓ પર દબાણ બનાવીને સમૂહમાં માફીપત્ર લખાવી લેવામાં આવ્યા હોવાનો ચોંકાવનારો આક્ષેપ કરાયો છે. આ ઉપરાંત હોસ્ટેલ પરિસર બહાર અજાણ્યા પુરુષોની શંકાસ્પદ અવરજવર અને કઢંગી હાલતમાં ઉભા રહેવાની ઘટનાઓ છતાં સુરક્ષા કેમેરા બંધ હોવાથી વિદ્યાર્થિનીઓની સલામતી સામે ખતરો ઊભો થયો છે.

મોડી રાત્રે બનેલી આ ઘટનાની જાણ થતાં જ વિદ્યાર્થી સંગઠનના પ્રતિનિધિઓ અને સમાજ કલ્યાણ વિભાગના નાયબ નિયામક એમ. એન. ગામીત હોસ્ટેલ પરિસરમાં આવ્યા હતા. તેમણે અડધી રાત્રે છાત્રાઓની તમામ રજૂઆતો શાંતિપૂર્ણ રીતે સાંભળી હતી. નાયબ નિયામકે જણાવ્યું હતું કે, કેટલીક વિંગમાં પાઈપલાઈનના કામને કારણે પાણીની સમસ્યા સર્જાઈ છે. તેમણે ભોજન, પાણી અને સિક્યોરિટી સહિતના તમામ મુદ્દાઓનું આગામી બે દિવસમાં કાયમી નિરાકરણ લાવવાની ખાતરી આપતાં આખરે વિદ્યાર્થિનીઓનો રોષ શાંત પડ્યો હતો.



(તસ્વીર : ગજુભા વાઘેલા - કાંકરેજ)

### શિહોરી ટ્રાફિક પોલીસની અનોખી ઝૂંબેશ

# હેલ્મેટ પહેરનાર વાહનચાલકોને ફૂલ આપી સન્માન કરવામાં આવ્યું

કાંકરેજ, તા.૧૨

શિહોરી-ડીસા હાઈવે પર ટ્રાફિક પોલીસનો જનજાગૃતિ કાર્યક્રમ, સલામત ડ્રાઈવિંગનો સંદેશ. કાંકરેજ તાલુકાના શિહોરી ખાતે ટ્રાફિક પોલીસ દ્વારા માર્ગ સલામતી અને ટ્રાફિક નિયમોના પાલનને લઈને અનોખી હેલ્મેટ જાગૃતિ ઝુંબેશ યોજવામાં આવી હતી.

શિહોરી-ડીસા હાઈવે પર યોજાયેલા આ જનજાગૃતિ કાર્યક્રમમાં હેલ્મેટ પહેરીને વાહન ચલાવતા વાહનચાલકોને ટ્રાફિક પોલીસ દ્વારા ફૂલ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ટ્રાફિક પોલીસ દ્વારા વાહનચાલકોને “હેલ્મેટ પહેરો, સુરક્ષિત રહો”નો સંદેશ આપવામાં આવ્યો હતો. સાથે વાહન ચલાવતી વખતે ટ્રાફિકના નિયમોનું પાલન કરવું, રોંગ સાઈડમાં વાહન ન ચલાવવું તેમજ પોતાની અને અન્ય લોકોની સલામતીનું ધ્યાન રાખવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સામાન્ય રીતે ટ્રાફિક નિયમોના ભંગ બદલ કાર્યવાહી કરતી પોલીસ દ્વારા આ વખતે નિયમોનું પાલન કરનારા વાહનચાલકોને ફૂલ આપી સન્માનિત કરવાની પહેલ કરવામાં આવતા લોકોમાં સકારાત્મક સંદેશ પહોંચ્યો હતો. આ જાગૃતિ અભિયાનનો મુખ્ય હેતુ લોકોમાં ટ્રાફિક નિયમો પ્રત્યે જાગૃતિ વધારવાનો, હેલ્મેટના ઉપયોગને પ્રોત્સાહન આપવાનો અને માર્ગ અકસ્માતોમાં ઘટાડો લાવવાનો છે. શિહોરી ટ્રાફિક પોલીસની આ પહેલને સ્થાનિક વાહનચાલકો અને લોકો દ્વારા સારો પ્રતિસાદ મળ્યો હતો.

### દસાડા તાલુકાના ઝીંઝુવાડા પંથકમાં

# સરકારી ખરાબાની જમીન મામલે ચાર જણાનો શખ્સ પર ધારિયા અને પાઈપ વડે હુમલો

વઢવાણ, તા.૧૨

દસાડા તાલુકાના ઝીંઝુવાડા ગામના રસાણીપાટ્ટી વિસ્તારમાં રહેતા રાજદીપસિંહ ભાથીભા ઝાલા નામના યુવક પર સરકારી ખરાબાની જમીન બાબતે ચાર શખ્સો દ્વારા ઘાતક હથિયારોથી હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે.

રાજદીપસિંહ તેમના બનેવી આનંદસિંહ અને મિત્ર યુવરાજસિંહ સાથે કાર લઈને ઝીંઝુવાડાથી ચાંગોદર જઈ રહ્યા હતા, તે દરમિયાન વડગામ બસ સ્ટેન્ડ પાસે આવેલી ચાની હોટલે પહોંચતા વિસાવડી તરફથી ગાડીમાં આવેલા જાલમસિંહ રણધીરસિહ ઝાલા, નવુભા દલપતસિંહ ઝાલા, શૈલેન્દ્રસિંહ જીલુભા ઝાલા અને અનોપસિંહ કનુભા ઝાલાએ તેમની ગાડી રોકી હતી. આરોપી જાલમસિંહે "તારે મારી સાથે ઝગડો કરવો છે અને તને બહુ હવા છે" તેમ કહી અપશબ્દો બોલવાનું શરૂ કર્યું હતું અને અનોપસિંહે ધક્કો મારી રાજદીપસિંહને નીચે પાડી પકડી રાખ્યા હતા, ત્યારબાદ જાલમસિંહે ધારીયા વડે ડાબા પગના નળા ઉપર ઘા મારી ગંભીર ફ્રેક્ચર કરી દીધું હતું, જ્યારે નવુભાએ લોખંડના પાઈપ વડે જમણા પગની ઢાંકણી પર તથા

**બન્ને પગે ફ્રેક્ચર થતા હોસ્પિટલમાં દાખલ કરાયા**

શૈલેન્દ્રસિંહે લાકડી વડે બંને હાથના બાવડા અને બરડાના ભાગે આડેધડ મારી ઈજાઓ પહોંચાડી હતી.

આ બનાવ પાછળનું મુખ્ય કારણ ઝીંઝુવાડા અને વચ્છરાજપુરા વચ્ચે વરધારની સીમમાં આવેલી સરકારી ખરાબાની જમીનમાંથી ભોગ બનનાર રાજદીપસિંહે પચ્ચીસેક વિઘા જમીનમાંથી બાવળો કઢાવી સાફ કરાવ્યો હોવાનું સામે આવ્યું છે, જે જમીન પોતાની હોવાનું જણાવી આરોપી જાલમસિંહ અગાઉ તકરાર કરી ચૂકેલો હતો અને આ મનદુઃખ તથા ખાર રાખીને ચારેય શખ્સોએ ભેગા મળીને આ જીવલેણ હુમલો કર્યો હતો. હુમલા બાદ લોકો ભેગા થઈ જતા આરોપીઓ "હવે પછી અમારી સાથે ઝઘડો કરવાનું વિચારીશ તો પૂરો કરી નાખીશું" તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી ગાડી લઈને નાસી છૂટ્યા હતા. ગંભીર રીતે ઘાયલ થયેલા રાજદીપસિંહને વિરમગામની શિવ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ડાબા પગના નળાનું ઓપરેશન કરવામાં આવ્યું છે અને બંને પગે ફ્રેક્ચર હોવાથી હાલ હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી છે, જ્યારે આ મામલે ભોગ બનનારની ફરિયાદના આધારે દસાડા પોલીસ સ્ટેશન ખાતે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.




(તસ્વીર : સ્નેહલ પટેલ, બાયડ)

### દિવ્યાંગજનોને ભોજન અપાયુ

# બાયડમાં પ્રદેશ ભાજપા પ્રમુખના જન્મદિવસ નિમિત્તે સેવા કાર્ય યોજાયુ

બાયડ, તા.૧૨

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્માના જન્મદિવસ નિમિત્તે બાયડ ખાતે સેવા કાર્યનું આયોજન કરવામાં આવ્યું હતું. સેવા અને સંવેદનાના સંકલ્પ સાથે જય અંબે મંદબુદ્ધિ આશ્રમ ખાતે આશ્રમમાં રહેતા દિવ્યાંગજનોને ભોજન કરાવવામાં આવ્યું હતું.

આ સેવા કાર્ય દરમિયાન ભાજપાના કાર્યકર્તાઓ દ્વારા આશ્રમ ખાતે ઉપસ્થિત રહી સેવાભાવ સાથે ભોજન સેવા કરવામાં આવી હતી તેમજ બાયડ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે દર્દીઓને ફ્રૂટનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રદેશ પ્રમુખના જન્મદિવસને સેવા દિવસ તરીકે ઉજવી સમાજના જરૂરિયાતમંદ લોકોની સેવા કરવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે અરવલ્લી જિલ્લા ભાજપા મહામંત્રી કેતનભાઈ બ્રહ્મભટ્ટ, પૂર્વ પ્રમુખ સ્નેહલભાઈ પટેલ તથા મોટી સંખ્યામાં ભાજપાના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. સેવા કાર્યને સફળ બનાવવા માટે ઉપસ્થિત તમામ કાર્યકર્તાઓએ સહભાગી બની સેવા અને સમર્પણની ભાવનાને વધુ મજબૂત બનાવી હતી.

### અંકલેશ્વરમાં બે બાળકો સાથે બાઈક પર રિલ બનાવનાર ચાલક સામે કાર્યવાહી

અંકલેશ્વર, તા.૧૨

અંકલેશ્વરમાં સોશિયલ મીડિયા પર રીલ બનાવવાના ચક્કરમાં ટ્રાફિકના નિયમોનો ભંગ કરવો યુવાનને ભારે પડ્યો છે. ઈમરાન મનીહર નામના યુવાને બે નાના બાળકો સાથે ચાલુ બાઈક પર રીલ બનાવી હતી. ચાલુ બાઈક પર બાળકો સાથે રીલ બનાવતો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ મામલો પોલીસના ધ્યાન પર આવ્યો હતો. વીડિયો સામે આવ્યા બાદ પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસે ઈમરાન મનીહર સામે શિક્ષાત્મક કાર્યવાહી કરી તેની પાસે માફી મંગાવી હતી. સાથે પોલીસે લોકોને વાહન ચલાવતી વખતે ટ્રાફિકના નિયમોનું પાલન કરવા અને રીલ કે વીડિયો બનાવવાના ચક્કરમાં પોતાની તથા અન્ય લોકોની સુરક્ષા જોખમમાં ન મૂકવા અપીલ કરી છે.

### કાર્યક્રમ અંતર્ગત પુસ્તકનું વિમોચન કરાયુ

# વિજયનગર આર્ટ્સ કૉલેજમાં ત્રિવિધ કાર્યક્રમો યોજાયા

ઈડર, તા.૧૨

વિજયનગર આર્ટ્સ કૉલેજમાં ઓરિએન્ટેશન, પુસ્તક વિમોચન અને વયનિવૃત્ત કર્મચારીઓનો વિદાય સન્માન સમારંભ યોજાયો. સમારંભ અધ્યક્ષ એચ. એમ. પટેલ, મુખ્ય મહેમાન પ્રિ.ડૉ.અજયભાઈ પટેલ વગેરેએ પ્રેરણાદાયી વક્તવ્યો આપી કાર્યક્રમને સાર્થક બનાવ્યો.

ઓરિએન્ટેશન પ્રોગ્રામ અંતર્ગત ડૉ.ભરતભાઈ પટેલે નેપ સિલેબસના પ્રશ્નપત્રો અને ક્રેડિટ વગેરેની પીપીટી દ્વારા સમજ આપી હતી અને ડૉ. આર. ડી. પટેલે સ્ટાફ અને વિભાગોનો પરિચય આપ્યો હતો. ડૉ. ભરતભાઈ પટેલના નવ પ્રકાશિત પુસ્તક ‘હિન્દી સાહિત્ય, આલોચનાના વિવિધ આયામ’ અને ડૉ. અર્પિતાબેન પટેલના પુસ્તક ’ રઘુપંજિકા’નું મંચસ્થ મહેમાનો દ્વારા વિમોચન કરવામાં આવ્યું. આ સાથે જ વયનિવૃત્ત થયેલ ડૉ. આઈ. ડી. વાઘેલા, ડૉ. સી. એલ. પંચોલા અને અશોકભાઈ ખરાડીનું શ્રીફળ, શાલ અને સ્મૃતિ ભેટ અર્પીને એમનું સન્માન કરી તેમની દીર્ઘકાલીન સેવાઓને બિરદાવવામાં આવી

### શ્રી નિલકંઠ મહાદેવ મંદિરમાં બિલીપત્ર અર્પણ કરવાનો પ્રારંભ

વડગામ, તા.૧૨

તાલુકા મથક વડગામ ખાતે શ્રી નિલકંઠ મહાદેવ મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે સવા લાખ બિલીપત્ર અર્પણ કરવાના કાર્યનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

શ્રી રણછોડજી મંદિર ટ્રસ્ટ દ્વારા સંચાલિત નિલકંઠ મહાદેવ મંદિર ખાતે મેનેજીંગ ટ્રસ્ટી આર. વી. પટેલની ઉપસ્થિતિમાં મુખ્ય યજમાન તરીકે સવા લાખ બિલીપત્ર અર્પણ કરવાનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

શાસ્ત્રી ચંપકભાઈ ભટ્ટ, શાસ્ત્રી જીતેન્દ્રભાઈ ભટ્ટ વગેરે દ્વારા શાસ્ત્રોક્ત વિધિ અનુસાર પુજા અર્ચના કરી મુખ્ય યજમાન આર. વી. પટેલ તથા ગ્રામજનો દ્વારા અભિષેક કરી ભગવાન શીવજી ની આરાધના કરી હતી. આ પ્રસંગે ગ્રામજનો, આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ તલોદના

# બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ૧૪ બેઠકોની ચૂંટણીના પરિણામ જાહેર

તલોદ, તા.૧૨

તલોદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ તલોદના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ૧૪ બેઠકોની ચૂંટણી અધિકારી એમ. આર. ત્રિવેદીના વડપણ હેઠળ યોજવામાં આવી હતી જેમાં મતગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં વેપારી વિભાગમાંથી ભાજપ પ્રેરિત પેનલના ઉમેદવારોનો વિજય થયો હતો જ્યારે ખેડૂત વિભાગની દસ બેઠકોમાંથી ભાજપ પ્રેરિત પેનલના ૭ ઉમેદવારોનો વિજય થયો હતો જ્યારે કોંગ્રેસ અને ભાજપે મેન્ડેડ ન આપેલ ઉમેદવારોમાંથી ૩ ઉમેદવારોનો વિજય થયો હતો.

આ અંગે મળતી માહિતી મુજબ, તલોદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ૧૪ ડિરેક્ટર માટે

**ભાજપ પ્રેરિત પેનલના ૭ ઉમેદવારોનો વિજય થયો**

ચૂંટણી યોજવામાં આવી હતી જેમાં વેપારી વિભાગમાંથી ૪ બેઠકો માટે કુલ ૬ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. વેપારી વિભાગમાં કુલ ૩૮ મતદારો નોંધાયેલ હતા તે તમામે મતદાન કર્યું હતું. જેમાં ભાજપના ત્રણ અને અન્ય એક ઉમેદવાર વિજયી થયા હતા જ્યારે ખેડૂત વિભાગની દસ બેઠકો માટે કુલ ૩૮ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. જેમાં ત્રિપાંખિયો જંગ મંડાયો હતો જેમાં ૯૨૬ જેટલું મતદાન થયું હતું. જેનું પરિણામ માર્કેટયાર્ડ ખાતે જાહેર થતા ભાજપના મેન્ડેડ પર ચૂંટણી લડી રહેલા ૧૦ ઉમેદવારોમાંથી ૭ ઉમેદવારો વિજયી થયા હતા જ્યારે કોંગ્રેસ પ્રેરિત પેનલ અને ભાજપે મેન્ડેડ ન આપતા બળવો કરી ઊભા રહેલ ઉમેદવારોમાંથી ૩ ઉમેદવારો વિજયી બન્યા હતાં.

**K.Z. LEASING AND FINANCE LIMITED**

CIN : L65910GJ1986PLC00864

Regd. Office : Deshna Chambers, B/h. Kadwa Patidar Wadi, Usmanpura, Ashram Road, Ahmedabad - 380014 || Phone : 079-27543200

**EXTRACT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE FIRST QUARTER AND THREE MONTHS ENDED ON 30TH JUNE, 2026** (Rs.in Lacs)

| Sr. No. | Particulars | Quarter ended on 30/06/2026 (Unaudited) | Quarter ended on 30/06/2025 (Unaudited) |
|---|---|---|---|
| 1 | Total Income from Operations | 242.01 | 170.44 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and / or Extraordinary items) | 155.05 | 84.82 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and / or Extraordinary items) | 155.05 | 84.82 |
| 4 | Net Profit / (loss) for the period after tax | 114.48 | 62.62 |
| 5 | Total Comprehensive Income for the period (Comprising Profit /(loss) for the period (after tax) and other comprehensive Income (after tax) | 222.01 | (25.75) |
| 6 | Paid-up Equity Share Capital | 304.12 | 304.12 |
| 7 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year | --- | --- |
| 8 | Earnings per Share (of Rs.10/- each) (for continuing and discontinued operations) - Basic and Diluted | 3.76 | 2.06 |

Notes : (1) The above Un-Audited financial statement for quarter ended June 30, 2026 has been reviewed by the Audit Committee and approved by the Board of Directors at its meeting held on 12th August, 2026 and Statutory Auditors of the Company have carried out limited review audit of the same. (2) This statement has been prepared in accordance with the Companies (Indian Accounting Standards) Rules 2015 (IND AS) prescribed under section 133 of the Companies Act 2013 and other recognized accounting practices and policies to the extent applicable. (3) IND AS 108 relating to segment wise reporting is Not Applicable as the Company operates in one primary segment i.e "Finance Segment". (4) Figures of previous year / quarter were regrouped / rearranged wherever necessary.

Date : 12/08/2026 For, K.Z. Leasing and Finance Ltd.
Place : Ahmedabad sd/- **Pravinkumar K. Patel** (DIN : 00841628)

[પરિશિષ્ટ - IV-A] [નિયમ ૮ (૬) આર/ડબલ્યુ 9(1) ની જોગવાઈ જુઓ]

**સ્થાવર મિલકતના ઈ-હરાજી વેચાણ માટેની જાહેર સૂચના**

**એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**

સીઆઈએન: U67100MH2007PLC174759

નોંધાયેલ કાર્યાલય: એડલવાઈસ હાઉસ, પહેલો માળ, સીએસટી રોડની બહાર, કાલિના, મુંબઈ ૪૦૦૦૯૮.

નાણાકીય સંપત્તિના સિક્યોરિટીઝેશન અને પુનર્નિર્માણ અને સિક્યોરિટી હિતના અમલીકરણ અધિનિયમ, ૨૦૦૨ હેઠળ સ્થાવર સુરક્ષિત સંપત્તિના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ સૂચના, સિક્યોરિટી હિત (અમલીકરણ) નિયમો, ૨૦૦૨ (‘નિયમો’) ના નિયમ ૮ (૬) અને ૯ (૧) ની જોગવાઈઓ સાથે વાંચવામાં આવે છે.

નીચે દર્શાવેલ વિવિધ વેચાણ સંસ્થાઓ (જેને હવે ‘એસાઈનર’ તરીકે ઓળખવામાં આવશે) ની નાણાકીય સુવિધાઓ એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડને સોંપવામાં આવી છે, જે આપેલા કોલમમાં સ્પષ્ટ રીતે ઉલ્લેખિત વિવિધ ટ્રસ્ટીઓના ટ્રસ્ટી તરીકે તેની ક્ષમતામાં કાર્ય કરે છે. ઉપરોક્ત સોંપણી અનુસાર, ઈએઆરસી એ એસાઈનરના સ્થાને પગ મૂક્યો અને સુરક્ષિત લેણદાર તરીકે તેના અધિકારોનો ઉપયોગ કર્યો. તે ઈએઆરસી, સુરક્ષિત લેણદાર તરીકેની તેની ક્ષમતામાં, સરફેસી એક્ટ અને નિયમોના ૧૩(૪) હેઠળ નીચે દર્શાવેલ સ્થાવર સુરક્ષિત સંપત્તિનો કબજો લીધો હતો.

જાહેર જનતાને અને ખાસ કરીને દેવાદાર(ઓ) અને ગેરંટી આપનાર(ઓ) ને ૧૫/૩૦ દિવસની સૂચના આપવામાં આવે છે કે સુરક્ષિત લેણદારના નામે ગીરવે મુકવામાં આવેલી નીચે વર્ણવેલ સ્થાવર સુરક્ષિત સંપત્તિ, જેનો ભૌતિક કબજો અધિકૃત અધિકારી (એઓ) દ્વારા લેવામાં આવ્યો છે, તેને ઈએઆરસી ને કારણે નીચે દર્શાવેલ રકમની વસૂલાત માટે ‘જેમ છે ત્યાં છે’, ‘જેમ છે તેમ છે’ અને ‘જે કંઈ છે તે’ ના ધોરણે વેચવામાં આવશે, જેમાં દેવાદાર(ઓ) અને ગેરંટી આપનાર(ઓ) પાસેથી ઈએઆરસી દ્વારા પ્રાપ્ત થયેલા કોઈપણ નાણાં માટે કાપવામાં આવેલા વધુ વ્યાજ અને અન્ય ખર્ચાઓનો સમાવેશ થાય છે. મિલકત માટે રિઝર્વ કિંમત અને અર્નેસ્ટ મની ડિપોઝિટ નીચે દર્શાવેલ છે.

ઈ-હરાજી માટે મુકવામાં આવેલી સુરક્ષિત સંપત્તિની વિગતો:

| લોન ખાતા નં. / વેચાણ સંસ્થા | ઉધાર લેનાર/સહ-ઉધાર લેનાર/ ગેરંટર/ ગીરો મૂકનારનું નામ | ટ્રસ્ટનું નામ | કુલ બાકી લેણાં આઈએનઆર | અનામત કિંમત આઈએનઆરમાં | બાનાની રકમ (ઈએમડી) આઈએનઆરમાં | હરાજીની તારીખ અને સમય | કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|---|
| 7625000/ એચડીબીએફએસ | શ્રી દિલીપ ડી દેસાઈ (ઉધાર લેનાર) શ્રીમતિ કાંતાબેન દિલીપભાઈ દેસાઈ (સહ-ઉધાર લેનાર) | EARC TRUST-SC-483 | Rs. 27,06,747.52 | Rs. 14,00,000/- | Rs. 1,40,000/- | ૦૨-૦૯-૨૦૬ અને ૧૨.૩૦ વાગ્યે | ભૌતિક કબજો |
| મિલકતનું વર્ણન: પ્લોટ બેરિંગ નં. ૪૬, પાયલ પાર્ક, ટી. બી. ત્રણ રસ્તા, પાટણ: ૩૮૪૨૬૫ અને સ્થાવર મિલકતનો તમામ ભાગ અને હિસ્સો, પ્લોટ બેરિંગ નં. ૪૬ પર બાંધવામાં આવેલ રહેણાંક મકાન, આર.એસ. નં. ૨૨૯/૧ પાયકી અને ૨૩૦ પાયકી પાટણ સિટી સર્વે નં. ૫૨૫ પાયકી અને શીટ નં. ૧૬૭, ફાઈનલ પ્લોટ નં. ૧૬ અને ૧૭, ટી. પી. સ્કીમ નં. ૧, મ્યુનિ. સી. એસ. નં. ૧૧/૧/૧૭/૪/૨/૫૦ ગુંગડીપતિ સિમ ‘પાયલપાર્ક’ સોસાયટી, પાટણ તા. અને જિલ્લો: પાટણમાં સ્થિત છે અને નીચે મુજબ સીમા ધરાવે છે: ઉત્તર: પ્લોટ નં. ૩૯, દક્ષિણ: આંતરિક માર્ગ, પૂર્વ: પ્લોટ નં. ૪૫, પશ્ચિમ: પ્લોટ નં. ૪૭ | | | | | | | |
| 1562030 / HDBFS | શ્રી ભાવેશ હેમંતકુમાર જોશી (દેવાદાર) શ્રીમતી ભાવનાબેન ભાવેશભાઈ જોશી (સહ દેવાદાર) | EARC TRUST-SC-483 | Rs. 25,06,040.98 | Rs. 6,00,000/- | Rs. 60,000/- | ૦૨-૦૯-૨૦૬ અને ૦૧.૦૦ વાગ્યે | ભૌતિક કબજો |
| મિલકતનું વર્ણન: તમામ આવાસીય સંપત્તિ ટીએફ ૨૫, ત્રીજા માળે, ‘‘પદ્માવતી કોમ્પ્લેક્સ’’, ઘી કાંટા કોર્ટ નજીક, એલ.એન. સિનેમા, જયશ્રી નારાયણ, ઓનર એસોસિએશન, અમદાવાદ-૩૮૦૦૦૮ અને મિલકત ઓફિસ નં. ટી-૨૫, ત્રીજા માળે, ‘‘પદ્માવતી કોમ્પ્લેક્સ’’, ઘી કાંટા કોર્ટ નજીક, એલ.એન. સિનેમા, જયશ્રી નારાયણ, ઓનર એસોસિએશન, સીટી સર્વે નં. ૧૫૭૬ થી ૧૫૮૮ પૈકી, મોજે શાહપુર-૨, તાલુકા, સીટી, જીલ્લા અને સબ જિલ્લા:અમદાવાદ (ક્ષેત્રફળ ૧૩.૪૭૧૨ ચો.મીટર, સુપર બિલ્ટઅપ એરિયા) અને સીમાઓ: પૂર્વે: કોમન પેસેજ, પશ્ચિમે: અન્ય ઓફિસ, ઉત્તરે: ઓફિસ નં. ૨૪, દક્ષિણે: ઓફિસ નં. ૨૬ | | | | | | | |
| SLPHAHM D0002013 /Truhome Finance Limited | વિક્રમ રમેશભાઈ નાગર (દેવાદાર) અને દર્શના વિક્રમ નાગર (સહ દેવાદાર) | EARC TRUST-SC-473 | Rs. 42,73,005.20 | Rs. 13,00,00/- | Rs. 1,30,000/- | ૧૬-૦૯-૨૦૬ અને ૧૧.૦૦ વાગ્યે | ભૌતિક કબજો |
| મિલકતનું વર્ણન: તમામ આવાસીય સંપત્તિ શોપ નં. ૩, ગ્રાઉન્ડ ફ્લોર, એરિયાનું ક્ષેત્રફળ ૩૮૦ ચો.ફૂટ ‘‘સુદેવ ફ્લોરા’’ બિન ખેતી જમીન સર્વે નં. ૪૫૫ ક્ષેત્રફળ ૫૩૬૨ ચો.મીટર (જૂના સર્વે નં. ૪૫૫ ક્ષેત્રફળ ૨૪૨૮ ચો.મીટર સ+ સર્વે નં. ૪૫૮ ક્ષેત્રફળ ૨૯૩૪ ચો.મીટર) ફાઈનલ પ્લોટ નં. ૧૩/૨, ક્ષેત્રફળ ૩૨૧૮ ચો.મીટર પૈકી ફાઈનલ પ્લોટ નં. ૧૩/૨/૨ ક્ષેત્રફળ ૧૬૮૨.ચો.મીટર ટાઉન પ્લાનિંગ સ્કીન નં. ૮૦, મોજે : વટવા, તાલુકા: વટવા, જિલ્લો: અમદાવાદ-૧૧, (અસલાલી) ગુજરાત. સીમાઓ: ઉત્તરે: ૧૨ મીટર ટી.પી.રોડ, દક્ષિણે: બ્લોક-એ/ પાર્કિંગ પૂર્વે: શોપ નં. ૨, પશ્ચિમે: શોપ નં. ૪ | | | | | | | |

**હરાજી પ્રક્રિયા અંગેની મહત્વપૂર્ણ માહિતી:**

| | | |
|---|---|---|
| 1. | ઈએમડી માટેના ડિમાન્ડ ડ્રાફ્ટ (ડીડી) ‘એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ - ઈએમડી એકાઉન્ટ’ ના નામે અને મુંબઈમાં ચૂકવવાપાત્ર હોવા જોઈએ. | |
| 2. | આરટીજીએસ દ્વારા કરવામાં આવતી ઈએમડી ચુકવણી માટેની વિગતો: ખાતાનું નામ - ‘એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ - ઈએમડી એકાઉન્ટ’; ખાતા નંબર: ૦૦૦૪૦૫૧૫૮૬૦૨; બેંકનું નામ - આઈસીઆઈસીઆઈ બેંક, આઈએફએસસીકોડ: IFSC: ICIC0000004 | |
| 3. | ઈએમડી જમા કરાવવાની છેલ્લી તારીખ | હરાજીની તારીખના ૧ દિવસ પહેલાં પ્રાપ્ત થવું જોઈએ |
| 4. | બોલી (બિડસ) જમા કરાવવાનું સ્થળ | પહેલો માળ, એડેલવાઈસ હાઉસ, સીએસટી રોડ બહાર, કાલીના, મુંબઈ-૪૦૦૦૯૮ |
| 5. | હરાજીનું સ્થળ (હરાજી માટેની વેબસાઈટ) | ઈ-હરાજી (https://auction.edelweissarc.in) |
| 6. | સંપર્ક વ્યક્તિ અને ફોન નંબર | કસ્ટમર કેર: ૧૮૦૦ ૨૬૬ ૬૫૪૦ |
| 7. | મિલકતના નિરીક્ષણ માટેની તારીખ અને સમય | અગાઉની એપોઈન્ટમેન્ટ (મુલાકાતનો સમય નક્કી કર્યા) મુજબ |

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને ઈએઆરસી ની વેબસાઈટ એટલે કે https://auction.edelweissarc.in માં આપેલી લિંકનો સંદર્ભ લો.

તારીખ: ૧૩.૦૮.૨૦૨૬
સ્થળ: મુંબઈ

અધિકૃત અધિકારી
એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ માટે

Edelweiss Asset Reconstruction

**RBZ JEWELLERS LTD**

**આર બી ઝેડ જ્વેલર્સ લિમિટેડ**

CIN: L36910GJ2008PLC053586

રજીસ્ટર કાર્યાલય: બ્લોક ડી, મોન્ડેલ રિટેલ પાર્ક, રાજપથ ક્લબ પાસે, એસ.જી. હાઈવે, ઈસ્કોન મોલની બાજુમાં, અમદાવાદ – ૩૮૦૦૫૪.

મેલ: cs@rbzjewellers.com, investors@rbzjewellers.com, વેબ: https://rbzjewellers.com

**કંપનીના શેરધારકોના ધ્યાન માટે સૂચના**

કોર્પોરેટ બાબતોના મંત્રાલય, ભારત સરકાર ("MCA") એ ૧૯મી સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સામાન્ય પરિપત્ર નં. ૯/૨૦૨૪ બહાર પાડ્યો છે અને કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા જારી કરાયેલા તારીખ 22 સપ્ટેમ્બર, 2025ના સામાન્ય પરિપત્ર ક્રમાંક 03/2025 દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા સુધારા મુજબ મંજૂરી આપવામાં આવી છે કે કંપનીઓ તેમની "વાર્ષિક સામાન્ય સભા" ("AGM") વિડિયો કોન્ફરન્સિંગ/અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો ("VC/OAVM") દ્વારા સામાન્ય સ્થળે સભ્યોની હાજરી વિના યોજી શકે છે.

કંપની અધિનિયમ, ૨૦૧૩ ("અધિનિયમ"), સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર જરૂરિયાતો) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ("લિસ્ટિંગ રેગ્યુલેશન્સ") અને MCA પરિપત્રોની જોગવાઈઓના પાલનમાં, કંપનીની આગામી "વાર્ષિક સામાન્ય સભા" VC /OAVM દ્વારા યોજવામાં આવશે. કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ મીટિંગનું સ્થળ માનવામાં આવશે.

પરિપત્રોએ કંપનીને વાર્ષિક સામાન્ય સભા અને વાર્ષિક અહેવાલની નોટિસની ભૌતિક નકલો ન મોકલવાની મંજૂરી પણ આપી છે. તદનુસાર, તે માત્ર ઈલેક્ટ્રોનિક મોડમાં જ સભ્યોને મોકલવામાં આવે છે, જેમના ઈ-મેલ એડ્રેસ રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ્સ અથવા ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ (ઓ) સાથે નોંધાયેલા છે. વાર્ષિક સામાન્ય સભા સૂચનામાં મીટિંગ દરમિયાન રિમોટ ઈ-વોટિંગ અથવા ઈ-વોટિંગ દ્વારા મત આપવા માટેની સૂચનાઓ પણ શામેલ છે. વાર્ષિક સામાન્ય સભાની સૂચના અને વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ https://rbzjewellers.com, સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ્સ એટલે કે (BSE) બોમ્બે સ્ટોક એક્સચેન્જ www.bseindia.com પર અને (NSE) નેશનલ સ્ટોક એક્સચેન્જ www.nseindia.com પર પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. અને (N S D L) નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ ની વેબસાઈટ www.evoting.nsdl.com પર પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

વધુમાં, કંપની/ડિપોઝીટરી શેરધારકો સાથે ઈમેલ એડ્રેસ અપડેટ/રજીસ્ટર કરવા માટે શેરધારકો એ નીચે દર્શાવેલ સૂચનાઓનું પાલન કરવું.

| | |
|---|---|
| * ફિઝિકલ શેરધારકો (તેમના ઈ-મેલ એડ્રેસને કામચલાઉ અપડેટ કરવા માટે) | કૃપા કરીને ફોલિયો નંબર, શેરધારકનું નામ, શેર પ્રમાણપત્રની સ્કેન કરેલી નકલ (આગળ અને પાછળ), PAN (PAN કાર્ડની સ્વ-પ્રમાણિત સ્કેન કરેલી નકલ), AADHAR (આધાર કાર્ડની સ્વ-પ્રમાણિત સ્કેન કરેલી નકલ) cs@rbzjewellers.com પર ઈમેઈલ દ્વારા પ્રદાન કરો. |
| ડીમેટ શેરધારકો | તમારા ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ (ડીપી) નો સંપર્ક કરો અને તમારા ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ (ડીપી) દ્વારા સંચારિત પ્રક્રિયા મુજબ તમારા ડીમેટ એકાઉન્ટમાં તમારું ઈ-મેલ એડ્રેસ રજીસ્ટર/સુધારો કરો. |

*કંપનીમાં ફિઝિકલ મોડમાં ધરાવતા કોઈ શેરધારકો નથી.

આ નોટિસ કોર્પોરેટ બાબતોના મંત્રાલય (MCA) અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) ના લાગુ પરિપત્રોના પાલનમાં કંપનીના સભ્યોની માહિતી અને લાભ માટે જારી કરવામાં આવી છે.

બોર્ડના આદેશ અનુસાર
આર બી ઝેડ લિમિટેડ માટે
સહી/-
હેલી આકાશ ગરાલા
કંપની સેક્રેટરી - મેમ્બરશિપ નં.: A૪૯૨૫૬

તારીખ : 12.08.2026
સ્થળ: અમદાવાદ

## पंजाब नैशनल बैंक punjab national bank

**LARGE CORPORATE BRANCH** Shivalik Shilp, Iskcon Cross Road, S.G. Highway, Ahmedabad-380058 **Phone:** 079-40097535 **E-mail:** bo4441@pnb.bank.in

### APPOINTMENT OF AGENCIES FOR SPECIALIZED MONITORING (ASM)

**Punjab National Bank, Large Corporate Branch, Shop No. 213, 214 & 215, Shivalik Shilp, Iscon Cross Road, S.G. Highway, Ahmedabad-380 015** is in process of appointment of Agencies for Specialized Monitoring (ASM). Interested persons/organizations can submit their application/bid which should include both technical bid and financial bid. The fully filled proposal (technical and financial both in 2 separate sealed envelopes) should be submitted by putting both in one single bid envelope. Application must be submitted by post or by self at **Deputy General Manager, Punjab National Bank, Large Corporate Branch, Shop No. 213, 214 & 215, Shivalik Shilp, Iskcon Cross Road, S.G. Highway, Ahmedabad - 380015 latest by 26-08-2026, 05:00 pm.** Offer for Appointment of Agencies for Specialized Monitoring (ASM) for M/s …………" must be written on envelop address to **Deputy General Manager, Punjab National Bank, Large Corporate Branch, Shop No. 213, 214 & 215 Shivalik Shilp, Iskcon Cross Road, S.G. Highway, Ahmedabad-380 015** during the given period

**Details of account for which bids are invited:**

| Line of Activity | ASM audit to be started from |
|---|---|
| Manufacturing of Solar PV cells and module | 01.10.2026 |

The Bank reserves the right to reject any or all the applications without assigning any reasons whatsoever and decision of the Bank in this regard will be final & binding on the applicants. For other terms and full details, refer PNB website https://pnb.bank.in/. All further corrigendum, if any, shall be published on Bank's website only.

**Date: 13.08.2026** **Deputy General Manager**

## RBZ JEWELLERS LIMITED

RBZ® JEWELLERS LTD

**CIN:** L36910GJ2008PLC053586

BLOCK-D, MONDEAL RETAIL PARK, NEAR RAJPATH CLUB, S.G. HIGHWAY, BESIDE ISCON MALL, AHMEDABAD-380054, GUJARAT, INDIA.

**Email:** cs@ rbzjewellers.com, investor@rbzjewellers.com **Website:** https://rbzjewellers.com

### NOTICE FOR ATTENTION OF SHAREHOLDERS OF THE COMPANY

The Ministry of Corporate Affairs, Government of India ("MCA") has issued General Circular Nos. 9/2024 dated 19th September 2024 and latest amended by General Circular No. 03/2025 dated 22th September, 2025 issued by the Ministry of Corporate Affairs have permitted the companies to hold their Annual General Meeting ("AGM") through Video Conferencing/Other Audio Visual Means ("VC/OAVM") without the physical presence of Members at a common venue.

In compliance with the provisions of the Companies Act, 2013 ("Act"), SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 ("Listing Regulations") and MCA Circulars, the ensuing AGM of the Company will be held through VC / OAVM. The Registered Office of the Company shall be the deemed venue of the Meeting.

The Circulars have also allowed the Company to dispense with the requirement to dispatch the physical copies of Notice of the AGM and Annual Report. Accordingly, the same are being sent only in electronic mode to the Members, whose e-mail addresses are registered with the Registrar and Transfer Agents or with the Depository Participant(s). The Notice of the AGM also contains the instructions for casting the vote through remote e-Voting or e-Voting during the meeting. The Notice of the AGM and Annual Report will also be made available on the website of the Company at https://rbzjewellers.com, websites of stock exchanges i.e. BSE Limited at www.bseindia.com and National Stock Exchange of India Limited at www.nseindia.com and on the website of NSDL at www.evoting.nsdl.com.

**Further, to update/ register email addresses with company /Depositary shareholders may follow the instructions mentioned below:**

| | |
|---|---|
| ***Physical Holding (For temporary update their e-mail address)** | Please provide Folio No., Name of shareholder, scanned copy of the share certificate (front and back), PAN (self-attested scanned copy of PAN card), AADHAR (self-attested scanned copy of Aadhar Card) by email to **cs@rbzjewellers.com** |
| **Demat Holding** | Contact your Depository Participant (DP) and register your e-mail address in your demat account as per the process communicated by your DP |

*** There are no shareholders in the company holding shares in physical mode.**
This notice is issued for the information and benefit of the Members of the Company in compliance with the applicable circulars of MCA and SEBI.

By order of the Board
For **RBZ Jewellers Limited**
Sd/-
**Heli Akash Garala**
Company Secretary - Membership No.: A49256

Place : Ahmedabad
Date : 12.08.2026

## BANCO PRODUCTS (INDIA) LIMITED

**Regd. Office :** Bil, Near Bhaili Railway Station, Padra Road, Dist. Baroda - 391 410 Phone No. (0265) 2318226
E-Mail: investor@bancoindia.com • Website: www.bancoindia.com
**CIN : L51100GJ1961PLC001039**

### NOTICE

Notice is hereby given that the **65th Annual General Meeting** ("AGM") of the members of the Company will be held on **Saturday, 19th September, 2026** at **11:30 AM (IST)** through Video Conferencing ("VC") / Other Audio Visual Means ("OAVM"), in accordance with the applicable provisions of the Companies Act, 2013 ("Act') and Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 and in compliance with the procedure prescribed vide various circulars, issued from time to time by Ministry of Corporate Affairs ("MCA") and Securities and Exchange Board of India ("SEBI").

The Annual Report including the Notice of AGM which includes the process and manner of attending the AGM through VC / OAVM and e-voting will be sent only to those members whose email addresses are registered with the Company / its Registrar and Share Transfer Agent ("RTA") viz. MUFG Intime India Private Limited's (Formerly known as Link Intime India Private Limited) and Depositories Participants ("DPs").

A letter providing the weblink and path for accessing the Annual Report including the Notice of AGM for the financial year 2025-26 will be sent to those members who have not registered their email address with the Company / its RTA or the DPs.

The Annual Report including the Notice of AGM will also be available on the Company's website www.bancoindia.com, website of stock exchanges i.e. BSE Limited at www.bseindia.com and National Stock Exchange of India Limited at www.nseindia.com and on RTA's website at https://instavote.linkintime.co.in.

